### શુભ મુહૂર્તમાં બહેનોએ ભાઈઓને રાખડી બાંધી

# રક્ષાબંધન : સાબરકાંઠા-અરવલ્લીમાં ઉત્સાહ સાથે પવિત્ર તહેવાર સંપન્ન

### ઝરમરિયા વાતાવરણમાં સ્નેહપર્વની ઉજવણી



બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૨

ભાઈ-બહેનોના પવિત્ર પ્રેમના પ્રતિક સમા રક્ષાબંધન પર્વની રવિવારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઝરમરીયા વરસાદ અને આલ્હાદક વાતાવરણમાં સ્નેહપર્વની ઉજાણીમાં ખુશાલી છવાઈ હતી.

રવિવારે રક્ષાબંધન હોવાથી દૂર દૂર રહેતી બહેનો ભાઈના ઘરે સહપરિવાર આવી પહોંચતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ભાઈ-બહેન મિલનના ભાવુક પ્રસંગ જોવા મળ્યા હતા. તા. ૨૨ ઓગસ્ટના રોજ શુભ મુર્હુતમાં બહેનોએ પ્રાણ પ્રિય ભાઈઓને જમણા કાંડે રાખડી બાંધી દિર્ઘાયુષ્યની પ્રાર્થના કરી હતી. સમય બદલાતા બહેનો દ્વારા ભાઈના સમગ્ર પરિવારને મોં મીઠું કરાવી કુમકુમ તિલક સાથે રાખડી બાંધતાં દશ્યો દિવસ દરમિયાન સોશિયલ મીડિયામાં જોવા મળ્યા હતા. રક્ષાબંધન પર્વના બજારોમાં છેલ્લી ઘડીએ ઘરાકી જોવા મળી. બજારોમાં ઘડીએ ઘરાકી જોવા મળી. અનેક ભાઈઓએ બહેનોને સોના-ચાંદીના દાગીના, વાસણ સહિતની ચીજવસ્તુ ભેટમાં આપી હતી. કેટલાક સુધી ભાઈઓએ બહેનોને મકાન-ફ્રુાન માટેના પ્લોટ આપી બહેનને ભાઈ સમોવડી ગણી ઉદાર હાથે કમાયા છીએ તો તને પણ આપીએ તેવા શુભ આશયથી બહેનના દિલથી આશીર્વાદ મેળવ્યા હતા. કેટલાક ભાઈઓએ બહેન ઉપરાંત ભાણીયાઓને પણ ભેટ સોદાગ આપી રક્ષાબંધન પર્વને વધુ યાદગાર બનાવ્યું હતું.

# મહિલાઓ ભાવુક બની : બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

### બાળરોગ નિષ્ણાત અને કેળવણીકારે મંદબુદ્ધિ મહિલાઓ પાસે રાખડી બંધાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં રહેતી મહિલાઓની વચ્ચે જઈને બાયડના બાળરોગ નિષ્ણાત ડૉ.અલ્પેશ પટેલ અને જાણીતા કેળવણીકાર અતુલભાઈ પટેલે તેમની પાસે રાખડી બંધાવી ત્યારે મંદબુદ્ધિ આશ્રમની મહિલાઓ ભાવુક બની હતી. કેટલીક મહિલાઓની આંખોમાં આંસુ જોવા મળ્યા હતા.

રક્ષાબંધન પર્વના દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધીને તેના દિર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરતી હોય છે. પરંતુ બાયડના અશોકભાઈ જૈન અને તેમના સાથીદારોએ ઉત્તર ગુજરાત સહિત રાજયના જે વિસ્તારોમાં તરછોડાયેલી અને માર્ગો ઉપર ફરતી મંદબુદ્ધિ મહિલાઓને બાયડ



ખાતેના આશ્રમમાં લાવી તજજ્ઞ ડૉક્ટરોની સારવારથી તેમને સાજા કરી અને પરિવાર સાથે મિલન કરાવવાનું અનોખું અભિયાન ચલાવી રહ્યા છે. મંદબુદ્ધિ આશ્રમની મુલાકાત લેનારા અનેક લોકોના હૃદય પરીવર્તન થયાનું પણ જોવા મળ્યું છે. બાયડની ધરતી ઉપર અનોખો સેવા યજ્ઞ ચાલી રહ્યો છે જેની સુવાસ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, પશ્ચિમ બંગાળ સુધી પહોંચી છે. રક્ષાબંધનનું પર્વ હતું પરંતુ મંદબુદ્ધિ આશ્રમમાં આશ્રય લેતી મહિલાઓને એ પણ ખ્યાલ ન હતો કે પોતાનો ભાઈ કોણ, પોતાના સબંધીઓ કોણ એમના માટે તો આશ્રમના સંચાલકો જ સર્વસ્વ છે. ત્યારે બાયડના જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ.અલ્પેશ પટેલ અને તક્ષશિલા સ્કુલના સ્થાપક અતુલભાઈ પટેલે રક્ષાબંધન પર્વની ઉજવણી મંદબુદ્ધિ આશ્રમમાં રહેતી મહિલાઓની વચ્ચે જઈને ઉજવવાનો નિર્ણય કર્યો. તેઓએ મંદબુદ્ધિ આશ્રમની મહિલાઓ પાસે રાખડી બંધાવી પોતાની જાતને ધન્ય ગણાવી. જ્યારે પોતાની જ્ઞાન ઈન્દ્રીય ઉપર કોઈ અંકુશ નથી તેવી મંદબુદ્ધિ આશ્રમની મહિલાઓને રક્ષાબંધન પર્વ નિમિત્તે કોઈ દૈવી શક્તિએ ચમત્કાર આપ્યો હોય તેમ તેઓએ બાયડના બંન્ને મહાનુભાવોને પોતાના ભાઈ માની અંતરના આશીર્વાદ આપ્યા અને મોં પણ મીઠું કરાવ્યું. કેટલીક મહિલાઓ રાખડી બાંધતી વખતે રીતસરની ભાવુક બની હતી.

# ભિલોડા તાલુકામાં રક્ષાબંધનના પાવન પર્વની ઉજવણી





ભિલોડા,તા.૨૨

અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં રક્ષાબંધનના પાવન પર્વની આનંદ-ઉલ્લાસભેર ધામધુમ પુર્વક શ્રધ્ધાભેર ઉજવણી યોજાઈ હતી. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર એટલે રક્ષાબંધનનું અનોખુ મહત્વ હોય છે. બહેનોએ ભાઈઓને કુંમ-કુંમ તિલક કરી જમણા હાથ પર રાખડી બાંધી હતી. રક્ષાબંધનના પાવન પર્વની ધામધુમ પુર્વક ઉજવણી યોજાઈ હતી.

પવિત્ર પાવન શ્રાવણ માસ નારીયેળી પુનમ અને બળેવનું પર્વ બ્રાહ્મણો માટે અનેરૂ મહત્વ ધરાવે છે.બ્રાહ્મણોએ વિધિ વિધાન પુર્વક પુજા,અર્ચના કરી હતી.ભુદેવોએ સામુહિક રીતે જનોઈ સમુહમાં ધારણ કરી હતી. ભિલોડા શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના ભાઈઓએ હાથમતી નદી કિનારે શ્રી વૈજનાથ મહાદેવ મંદિર પરીસરમાં ભુદેવોએ ભેગા મળી નવિન જનોઈ ધારણ કરી હતી.

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે કેટલાક મુસ્લીમ ભાઈઓના ઘરે હિન્દુ બહેનો અને મુસ્લીમ બહેનોએ હિન્દુ ભાઈઓને ત્યાં રાખડી બાંધી હતી. રક્ષાબંધનની ભાવપુર્વક ઉજવણી કરી હતી. હિન્દુ-મુસ્લીમ એકતાના દશ્યો જોવા મળ્યા હતા.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા એસ.બસ ડેપોમાં રક્ષાબંધનના તહેવાર નિમિત્તે એસ.ટી. બસ ડેપો મેનેજર,ડ્રાઈવર,કંડક્ટર સહિત વહીવટી કર્મચારી ભાઈઓને રાખડી બાંધી હતી. પ્રમુખ રામઅવતાર શર્મા, મંત્રી મહિપતસિંહ રાઠોડ, જગદીશભાઈ પટેલ,ઉર્વશીબેન બરંડા, ભરતભાઈ પ્રજાપતિ સહિત હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# જન્મદિને વધામણી



માન્યા મનિષકુમાર લુહાણા



ગોપાલ એમ. પટેલ
(પ્રા. શિક્ષક)
સ્વામિનારાયણ સોસાયટી-૧
બાયડ, જિ.અરવલ્લી



કૈવલભાઈ પટેલ
(પ્રિન્સીપાલ : વાત્રકગઢ સરકારી માધ્યમિક શાળા)
નવાગામ, તા.મેઘરજ

# બોર્ડ પરિણામ : ઉત્તર ગુજરાતમાં આજે ધો.૧૨ સામાન્ય પ્રવાહ રિપીટર છાત્રોનું પરિણામ

### ગુજકેટના પરિણામ પછી હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ધો.૧૨ સામાન્ય પ્રવાહના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાયા પછી આજે સોમવારે સવારે ૮-૦૦ કલાકે ઓનલાઈન પરિણામ જાહેર થશે. ગુજકેટના પરિણામ પછી હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થઈ રહ્યું છે ત્યારે રીપીટર છાત્રો બોર્ડ પરીક્ષામાં કેવો દેખાવ કરે છે તેના ઉપર સૌની નજર છે.

ધો.૧૦ અને ૧૨ રેગ્યુલર છાત્રોને કોરોનાના કારણે માસ પ્રમોશન અપાતાં રીપીટર વિદ્યાર્થીઓએ પણ માસ પ્રમોશન આપવા માટે સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ ઉગ્ર માંગ સાથે આવેદનપત્ર આપ્યા હતા પરંતુ શિક્ષણ વિભાગ છેલ્લે સુધી મક્કમ રહ્યો અને આખરે ધો.૧૦ અને ૧૨ રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા યોજવામાં આવી હતી. કોરોનાના કારણે રીપીટર છાત્રોનું પરિણામ નબળું આવવાની સંભાવના વધુ છે. ત્યારે બોર્ડે રીપીટર છાત્રોને કોલેજમાં આસાનીથી પ્રવેશ મળે તે માટે પરીક્ષા લીધા પછી ખુબ ઝડપથી પરિણામ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. તા.૨૩ ઓગષ્ટના રોજ ઓનલાઈન રીઝલ્ટ જાહેર થશે.

# બાયડની પાલડી પ્રા. શાળાના આચાર્ય દ્વારા અનોખી રીતે ઉજવાયો જન્મદિવસ

### બાયડ તાલુકાની પાલડી પ્રાથમિક શાળાના આચાર્ય ધર્મેશ એન સોની અનોખી રીતે જન્મદિવસ ઉજવી સૌના દિલ જીત્યા

બાયડ તા.૨૨

તારીખ ૨૧ ઓગસ્ટના



રોજ આચાર્ય નો જન્મદિવસ હતો.મહામારી કોરોના વાયરસ થી બચવા માટે (મારું ગામ, મારી શાળા, મારો તાલુકો, મારો જિલ્લો, મારું રાજ્ય, મારો દેશ) તથા વિશ્વ ના કલ્યાણ માટે એક કુંડી ગાયત્રી હવન કરવામાં આવ્યું. વિશ્વ ના તમામ લોકો કોરોના મુકત રહે નિરોગી રહે સ્વાસ્થ્ય સારું રહે અને જલ્દી થી શાળા માં બાળકોના અવાજો થી શાળા ના મેદાન અને વર્ગખંડો ગુંજી ઉઠે તેવી પ્રાર્થના સાથે હવન માં આહુતિ આપવામાં આવી. પ્રાથમિક શાળામાં ૨૧ વર્ષ થી શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાથી ૨૧ વૃક્ષો નું 'વૃક્ષા રોપણ' કરવામાં આવ્યું. તથા શાળા માં ઉપસ્થિત તમામ મહેમાનો એ તથા સગા સંબંધી, સ્નેહીજનો, વડીલો, મિત્રો, જાયન્ટ્સ મિત્રો, લાયન્સ - લીઓ ક્લબ બાયડ ના મિત્રો એ ધર્મેશ સોની ને જન્મદિવસ ની શુભેચ્છાઓ પાઠવી અને અભિનંદન પાઠવ્યા. ગાયત્રી શક્તિપીઠ બાયડ ના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, કોકિલાબેન ઉપાધ્યાય, સુખદેવગીરી ગોસ્વામી, ત્રિપદા પ્રાથમિક શાળા ના આચાર્ય પંકજભાઈ પટેલ, ફેડ ઓફિસર કુમુદભાઈ ભાવસાર, યુ ડી ગીરીશભાઈ પટેલ, લીઓ પ્રમુખ ઋગ્વેદ પટેલ, લીઓ પૂર્વ પ્રમુખ ચિરાગ પરમાર, જાયન્ટ્સ સભ્ય હિરેન શાહ, ગૌતમ જયસ્વાલ, સાહેલી પૂર્વ પ્રમુખ



ભારતી સોની, ગામ ના સરપંચ નરસિંહભાઈ ચૌહાણ, પૂર્વ સરપંચ ભૂપતસિંહ પરમાર, લખાજી ચૌહાણ, રાજાભાઈ દેસાઈ,પૂનાજી ચૌહાણ, આંગણવાડી કાર્યકર પાલ્લાબેન પરમાર, શાળા સ્ટાફ ઉ શિ સુશીલાબેન પટેલ, ઉ શિ જીતેન્દ્રભાઈ ભોઈ, ઉ શિ કિરણભાઈ પટેલ, ઉ શિ કમલેશભાઈ પટેલ, ઉ શિ જયેશભાઈ પ્રજાપતી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શાળાના આચાર્ય ધર્મેશ સોની દ્વારા કન્યા કેળવણીને ઉત્તેજન આપવા બદલ સારી કામગીરી ની રાજ્ય સરકારે નોંધ લઈ શિક્ષણ મંત્રીએ પણ તેમની સાથે સીધો વાર્તાલાપ કર્યો હતો

# શિક્ષક સજ્જતા સર્વેક્ષણ : ઉત્તર ગુજરાતના પ્રા. શિક્ષકોમાં રોષ ચરમસીમાએ...

### રક્ષાબંધનના દિવસે શિક્ષક આગેવાનો અને શિક્ષકો વચ્ચે સોશ્યલ મીડીયા ઉપર જંગ જામ્યો

હિંમતનગર, તા.૨૨

શિક્ષક સજ્જતા સર્વેક્ષણ મુદ્દો સમગ્ર રાજ્યમાં વધુ ચર્ચાસ્પદ બન્યો છે. તા.૨૪ ઑગષ્ટે શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં કેટલા શિક્ષકો ભાગ લેશે, કેટલા શિક્ષકો ભાગ નહીં લે તેના ગણિત મંડાઈ રહ્યા છે. પરંતુ રક્ષાબંધનના દિવસે શિક્ષક આગેવાનો અને શિક્ષકો વચ્ચે સોશ્યલ મીડીયા ઉપર જંગ જામતાં આ મુદ્દો પણ વધુ ચર્ચામાં રહ્યો છે.

૨ લાખ જેટલા સરકારી શાળાના પ્રા.શિક્ષકો એકબીજાના સંપર્કમાં રહી સર્વેક્ષણના આયોજનમાં ભાગ લેવો કે કેમ..?? તેની ચર્ચા કરતા જોવા મળે છે. સરકારી પ્રા. શાળાના શિક્ષકો પી.ટી.સી. અને ત્યાર પછી તાલીમી સ્નાતક થયા અને ત્યારબાદ શિક્ષક યોગ્યતાની કસોટી પાસ કરી મેરીટના આધારે જે તે સમયે પ્રા.શિક્ષક તરીકે નિયુક્ત થયા છે. શાળાઓમાં ફરજ બજાવતા પ્રા.શિક્ષકોની કામગીરી તેમજ ગુણાત્મક શિક્ષણ વગેરેની ચકાસણી સ્કુલ ઈન્સ્પેક્ટર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ક્યારેક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઓચિંતિ મુલાકાત લઈને નોંધ કરતા આવ્યા છે. બી.આર.સી., સી.આર.સી. કક્ષાએ પણ પ્રા.શિક્ષકોને જે તે વિષયની તાલીમથી તાલીમબદ્ધ કરીને જ વિદ્યાર્થીઓ સમક્ષ શિક્ષણ કાર્ય કરાવવા માટે મોકલવામાં આવે છે. ત્યારે સ્વાભાવિક છે કે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ માટે રાજ્યનો પ્રા.શિક્ષણ વિભાગ કેમ અધિરો બન્યો છે..?? રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૪ ઑગષ્ટના રોજ પ્રા.શિક્ષકોનું સર્વેક્ષણ યોજાવવાનું છે. હોબાળો થયા પછી વિભાગે સર્વેક્ષણને મરજીયાત ગણાવ્યું છે પરંતુ એક રીતે શિક્ષકોનો રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગે વિશ્વાસ ગુમાવ્યો છે તે બાબતને કડવી વાસ્તવિક્તાની રીતે વિભાગે સ્વીકારવો જોઈએ. અત્યારે તો રાજ્યના પ્રા.શિક્ષકોના બે સંગઠનો આમને સામને આવી ગયા હોય તેવું ચિત્ર ઉભું થયું છે. બંન્ને સંગઠનો જો પ્રા.શિક્ષકોનું હિત ઈચ્છતા હોય તો બહુમત શિક્ષકો જે ઈચ્છે છે તેની જ ખુલ્લેઆમ તરફદારી કરવી જોઈએ. પરંતુ પ્રા.શિક્ષકોએ આદેશ પછી હોલ ટીકીટ ડાઉનલોડ કરી છે અને તેના આંકડા મૂકાઈ રહ્યા છે તે જોતાં રાજ્યના બંન્ને શિક્ષક સંઘોને એકબીજા ઉપર આરોપ-પ્રતિઆરોપ મૂકવાની તક મળી છે. પ્રા.શિક્ષકો સમજુ અને હોંશિયાર છે. સમાજમાં તેમની આગવી ઓળખ છે આ સંજોગોમાં પ્રા.શિક્ષકોએ પોતાના અંતરઆત્માને ઢંઢોડીને નિર્ણય કરવાનો સમય આવ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન શિક્ષક સંઘના આગેવાનો અને કેટલાક જિલ્લાના પ્રા.શિક્ષકો વચ્ચે સોશ્યલ મીડીયામાં જે રીતે ચકમક ઝરી તે જોઈને કેટલાકને દોડવું હતું અને ઢાળ મળ્યો તેવી સ્થિતિ પેદા થઈ છે. શિક્ષકોના હિત માટે બંન્ને સંગઠનો લડતા હોય તો એક જ અવાજે, એક જ સ્ટેજ ઉપરથી શિક્ષકોના હિત માટે મોરચો માંડવો જોઈએ નહીં કે એકબીજાના પગ ખેંચીને સંગઠનોને મજબૂત બનાવવામાં શિક્ષકોનો ખોટો ઉપયોગ કરવો.

### શિક્ષકોને કઈ ફડક પેઠી

હિંમતનગર : છેલ્લા ૩-૪ દિવસથી સોશ્યલ મીડીયામાં શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો ખૂલીને વિરોધ થઈ રહ્યો છે. બંન્ને રાજ્યના શિક્ષક સંગઠનોએ આ મુદ્દાને ગંભીરતાથી લેવાના બદલે ક્યાંક ને ક્યાંક હળવાશથી લીધો છે. સોશ્યલ મીડીયામાં ફરતી થયેલી પોસ્ટમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સર્વેક્ષણની ચર્ચામાં શિક્ષકોને રોકી રાખી શિક્ષણના ખાનગીકરણનું મહાભયંકર ષડયંત્ર ચાલી રહ્યું છે. દરેક તાલુકામાં એક એક્સલેન્શ શાળામાં વચ્ચેનો આંકડો લઈ ૪૦૦૦ બાળકોનો પ્રવેશ માનીએ તો પણ ૧૦૦ શિક્ષકો ફાજલ થાય. ૩૩ જિલ્લામાંથી ૨૫ જિલ્લાના ગંભીર પ્રશ્નો છે અને તેમને જિલ્લા બહાર નોકરી કરવા જવું પડે આગામી ૧૦ વર્ષ સુધી એકપણ ટેટ કે ટાટ વિદ્યા સહાયકની ભરતી થવાની સંભાવના નથી. જ્યારે કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં એક બાળક દીઠ ૨૫,૦૦૦ની ગ્રાન્ટમાંથી ૨૦ ટકા રકમ ભ્રષ્ટાચારમાં પરત જાય છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના નામે કરોડોનો ભ્રષ્ટાચાર થાય છે તેના કરતાં મોટો ભ્રષ્ટાચાર શિક્ષણ વિભાગમાં ઉભો થશે અને એટલે જ સર્વેક્ષણના સહારે સરકારી પ્રા.શાળાઓનું ખાનગીકરણ કરવાનો મહાભયંકર ષડયંત્ર હોવાનો આરોપ ઠાલવ્યો છે.

# પાલનપુરના ચડોતરમાં રક્ષાબંધન એક દિવસ અગાઉ ઉજવાય

### ગામની સુખ શાંતિ માટે છેલ્લા ૨૦૦ વર્ષથી આગલા દિવસે રક્ષા બંધન ઉજવવાની પરંપરા

પાલનપુર, તા. ૨૨

પાલનપુર તાલુકા ચડોતર ગામમાં રક્ષા બંધન પૂર્વે ભાઈ ને રાખડી બાંધવા ની અનોખી પરંપરા રહેલી છે જેમાં ગામની સુખ શાંતિ માટે ગ્રામજનો દ્વારા એક દિવસ અગાઉ રક્ષા બંધન પર્વ ની ઉજવણી કરવામાં આવે છે

ચડોતરમાં રક્ષા બંધનના તહેવારે નહિ પણ તેના આગલા દિવસે ભાઈ ને રાખડી બાંધવા ની વર્ષો જૂની પરંપરામાં લોકવાયકા મુજબ વર્ષો અગાઉ આ ગામમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો અને મોટા પ્રમાણમાં પશુ અને જાનમાલનું નુકશાન થયું હતું તેની દહેશતના પગલે ગામના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.ત્યારે ગ્રામજનો એકત્ર થઈને ગામના પુજારી પાસે ગયા ત્યારે પુજારી એ ગામની સુખ અને સલામતી ના રક્ષણ માટે ગામની દીકરીઓ ને રક્ષાબંધનના એક દિવસ આગાઉ ભાઈ ને રાખડી બાંધવાનું સુચન કર્યું હતું જે બાદ ગામમાં સુખ શાંતિ સ્થપાતા ગ્રામજનો દ્વારા ત્યારથી આ પરંપરા મુજબ રક્ષા બંધન ની ઉજવણી એક દિવસ અગાઉ કરે જે જે વર્ષો જૂની પરંપરા આજે પણ ચડોતર ગામમાં યથાવત છે.



# અવસાન નોંધ...



બાયડ : બાયડ માર્કેટયાર્ડના પૂર્વ સેક્રેટરી નટવરભાઈ ગોબરભાઈ પટેલના પત્નિ અને પ્રશાંત પટેલ, રવિ પટેલના માતા મધુબેન નટવરભાઈ પટેલનું નિધન થયેલ છે. સદગતનું બેસણું આજે તા.૨૩ ઑગષ્ટ, સોમવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ તેમના નિવાસસ્થાન દખણેશ્વર, તા.બાયડ રાખેલ છે.